ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્ ॥

■ આ સપ્તાહના અંતમાં મહાશિવરાત્રિ આવી રહી છે. આ દિવસે મહાદેવને ઘીના કમળ અર્પિત કરવાની પરંપરા છે. જે મુજબ શહેરમાં અત્યારથી જ તેની તૈયારી શરુ થઇ ગઇ છે.
(તસવીર - સતિષ જાદવ)

પાંડેસરામાં શહેર કોંગ્રેસના મહામંત્રી પર ઘાતક હુમલો

પૈસાની લેતીદેતીમાં યૂથ કોંગ્રેસના ઉપપ્રમુખે સમાધાન માટે બોલાવી અવનીશ તિવારી પર સળિયા-ફટકાથી હુમલો કર્યો

પ્રિન્સ પાંડે સહિત સાગરીતો સામે ગુનો દાખલ

સુરતઃ સ્થાપના કાળથી જ જૂથવાદ માટે જાણીતી સુરત શહેર કોંગ્રેસમાં હવે આંતરિક કલહ 'લોહિયાળ જંગ'માં ફેરવાયો છે.

શહેરના પાંડેસરા વિસ્તારમાં પૈસાની ઉઘરાણીના મામલે શહેર કોંગ્રેસના મહામંત્રી પર ચોર્યાસી વિધાનસભા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ અને તેના ૧૫ જેટલા સાગરીતોએ ઘાતક હુમલો કરતાં રાજકીય આલમમાં ભારે ગરમાવો વ્યાપી ગયો છે.

મળતી વિગત મુજબ, શહેર કોંગ્રેસના મહામંત્રી અવનીશ તિવારી અને યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રિન્સ પાંડે વચ્ચે છેલ્લા ચાર દિવસથી નાણાકીય લેતી-દેતી બાબતે વિવાદ ચાલતો હતો. અવનીશ તિવારીના જણાવ્યા અનુસાર, શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાના કહેવાથી તેઓ વિવાદ થાળે પાડવા અને માફી માંગવા માટે પ્રિન્સ પાંડે પાસે ગયા હતા. જોકે, સામા પક્ષે હુમલો કરવાનું પૂર્વ આયોજન જ કરી રાખ્યું હોય તેમ, પ્રિન્સ પાંડે અને તેના ૧૫ જેટલા માણસો લોખંડના સળિયા અને લાકડાના ફટકા સાથે તૂટી પડ્યા હતા. પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદ લઈ પ્રિન્સ પાંડે સહિતના શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. જાહેરમાં થયેલી આ મારામારીને પગલે કોંગ્રેસની પ્રતિષ્ઠાના ધજાગરા ઉડ્યા છે.

ચિરાગ ગોટીના MLA વિનુ મોરડીયા સાથેના ફોટા વાયરલ

ધારાસભ્ય સાથેના ફોટા બતાવીને ચિરાગ ગોટી દાદાગીરી કરતો હતો

સુરતઃ સુરતમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરીને પોલીસ સાથેની ઓળખાણના નામે રીતસર આતંક મચાવનાર ચિરાગ ગોટી આખરે પાંજરે પુરાયો છે. પોતાના જ ભાગીદારને ફસાવવા જતાં ફસાઈ ગયેલા ચિરાગ ગોટીએ અનેક લોકોને છેતર્યા છે અને કેટલાક પાસેથી માલ-મિલકત પડાવી લીધી છે. ચિરાગ ગોટી મોટા નેતાઓ સાથે ફોટા પડાવીને તેનો ઉપયોગ લોકોને ડરાવવા માટે કરતો હતો. ચિરાગ ગોટી કોર્ટમાં સરન્ડર થયાં બાદ હવે તેના મોટા કારનામાંઓ બહાર આવવાની સાથે સાથે તેના ધારાસભ્ય વિનુ મોરડીયા સાથેના ફોટા પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.

૬.૧૮ લાખનો ચેક રિટર્ન થતાં સફાઇ કર્મીને સજા

સુરતઃ સાંઈકૃપા ફાઈનાન્સના નામથી ધિરાણનો વ્યવસાય કરતાં સગરામપુરાનાં કિરણભાઈ લક્ષ્મણભાઈ બારૈયા પાસેથી વરાછા ઝોનમાં કામ કરતાં દિપક કંચનભાઈ અમદાવાદીએ રૂ. ૬ લાખ ઉછીના લીધા હતા જેની સામે પ્રોમેસરી નોટ લખી આપી હતી તેમજ વ્યાજ સહિત રૂ. ૬.૧૮ લાખનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી ફરિયાદીએ વકીલ ધર્મેન્દ્ર માટલીવાલા મારફતે સુરતની કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસમાં બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપી દિપક અમદાવાદીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સહિત ફરિયાદીને એક મહિનામાં ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

લગ્નના એક વર્ષમાં ગર્ભવતી પરિણીતાએ એસિડ પીધો

સુરતઃ સચિન જીઆઇડીસીમાં લગ્નના એક વર્ષમાં ગર્ભવતી પરિણીતાએ એસિડ પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ બિહારના સંદીપ યાદવ હાલ સચિન જીઆઇડીસી શિવનગરમાં આવેલી ભાગ્યલક્ષ્મી સોસાયટી વિભાગ-૩માં ૨૦ વર્ષીય પત્ની સરિતા સાથે રહે છે. હાલ તેમની પત્નીને પાંચ મહિનાનો ગર્ભ હતો. બિમારીના કારણે પતિ એક મહિનાથી વતનમાં રહે છે અને તે અહીં સાસુ-સસરા સાથે રહેતી હતી. ગત ૯મીએ રાત્રે તેણે ઘરે એસિડ પી આપઘાત કરી લીધો હતો.

આર્થિક સંકડામણમાં ડભોલીના રત્નકલાકારે ઝેર પીધું

સુરતઃ ડભોલીમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારે ઝેર ગટગટાવી જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ બોટાદના ગઢડા તાલુકાના ઇકોરડા ગામના 57 વર્ષીય રત્નકલાકાર ભીમજીભાઈ પૂજાભાઈ વેકરીયા હાલ ડભોલી ખાતે આવેલા સ્વામિનારાયણ નગરમાં રહેતા હતા. હાલમાં હીરામાં મંદીના કારણે કામધંધો બરાબર નહીં ચાલતા ઘરમાં આર્થિક તંગી વર્તાતી હતી. જેથી ગઇકાલે સવારે તેમણે ઝેર પી લેતાં સ્મીમેરમાં ખસેડાયા હતા જ્યાં રાત્રે તેમનું મોત થયું હતું.

અમરોલીમાં BRTS બસમાં પર્સની ચોરી

સુરતઃ અમરોલી ગામમાં જલારામ મંદિર સામે રહેતા ૩૦ વર્ષીય રત્નકલાકાર સુરેશભાઈ મધુરભાઈ જગદેવગત તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાંજે તેઓ BRTS બસમાં મુસાફરી કરી રહ્યા હતા. બસમાં ભારે ભીડ વચ્ચે અજાણ્યા તસ્કરે તકનો લાભ લઈ તેમના પેન્ટના ખિસ્સામાં રહેલું પર્સ ચોરી લીધું હતું. જેમાં રૂ. ૪,૫૦૦ રોકડ ઉપરાંત આધારકાર્ડ, મૂળ પાનકાર્ડ તથા અન્ય જરૂરી દસ્તાવેજો હતા. તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રેમિકાના ન્યૂડ ફોટા ફરતા કરનાર મહેસાણાનો યુવક ઝડપાયો

પ્રેમિકા લગ્ન કરવા દબાણ કરતી હોવાથી પીછો છોડાવવા બદનામ કરી

સુરતઃસોશિયલ મીડિયામાં થકી પ્રેમ સંબંધ બંધાયા બાદ લગ્ન કરવા દબાણ કરતી પ્રેમિકાથી છૂટકારો મેળવવા એક યુવકે તેના અશ્લીલ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધા હતા. ઘટનાને પગલે મહીધરપુરા પોલીસે બળાત્કાર અને અન્ય ગુનાઓ હેઠળ કેસ નોંધી આરોપીની ધરપકડ કરી છે.

વરાછાની 26 વર્ષીય ત્યક્તા ઈન્સ્ટાગ્રામ મારફતે મહેસાણા જિલ્લાના 24 વર્ષીય કરણ નરેશ દંતાણીના સંપર્કમાં આવી હતી. બંને એક જ જ્ઞાતિના હોવાથી મિત્રતા વધીને પ્રેમસંબંધમાં ફેરવાઈ હતી. ડિસેમ્બર માસમાં યુવક સુરત આવ્યો હતો અને યુવતીને લગ્ન કરવાની વાત કહી દિલ્હીગેટ વિસ્તારની હોટેલમાં મળવા બોલાવી તેનું યૌનશોષણ કર્યું હતું અને ન્યૂડ ફોટા પાડી લીધા હતા. જો કે ત્યારબાદ યુવતીએ લગ્નની વાત કરતાં યુવક તૈયાર થયો ન હતો એટલું જ નહીં તેણે યુવતીને બદનામ કરી તેના દબાણમાંથી છૂટવા માટે તેના અશ્લીલ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધા હતા. યુવતીએ સમગ્ર ઘટના અંગે મહિધરપુરા પોલીસ મથકમાં કરેલી ફરિયાદના આધારે પોલીસે આરોપી કરણ નરેશ દંતાણી (રહે. કેયાલ ગામ, નંદાસણ તાલુકો, મહેસાણા)ની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરાઈ છે.

ડોક્ટર સાથે 1.46 કરોડની ઠગાઈમાં વેબ ડેવલપર ઝડપાયો

આદર્શ સોસાયટીના તબીબ પાસે શેર ટ્રેડિંગમાં નફાના નામે રોકાણ કરાવ્યું હતું

સુરતઃ અઠવાલાઇન્સમાં રહેતા 72 વર્ષીય વૃદ્ધ ડૉક્ટર ઓનલાઈન શેરબજારમાં ટ્રેડિંગ કરી મોટો નફો મેળવવાની લાલચમાં ડૉક્ટરે પોતાની જીવનભરની મૂડી સમાન 1,36,65,720 ગુમાવ્યા હોવાની ફરિયાદ ગત 10 ડિસેમ્બર -2025ના સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ ગુનામાં કમિશન પર બેંક ખાતું આપનાર વેબ ડેવલપરની પોલીસે ગત 11મીના રોજ ધરપકડ કરી છે. તપાસ દરમિયાન આ ગુનામાં અત્યાર સુધી કુલ 4 આરોપીની ધરપકડ થઈ ચૂકી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અઠવાલાઇન્સની આદર્શ સોસાયટીમાં રહેતા અને લોખાત હોસ્પિટલમાં એનેસ્થેટિસ્ટ તરીકે સેવા આપતા ડૉ. ગૌતમભાઈ પુરોહિત ગત જુલાઈ માસમાં ફેસબુક પર 'સિગ્નુસ્ક્વેહાન્ના ઈન્ટરનેશનલ' (SIG) કંપનીની ટ્રેડિંગ માટેની જાહેરાત જોઈ હતી.

આ જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરતા સામા છેડેથી દીપક મલ્હોત્રા નામના શખ્સે પોતાની ઓળખ સ્ટોક એડવાઈઝર તરીકે આપી હતી. તેણે ડૉક્ટરને 'એગ્રીમેન્ટ ડિસ્કાઉન્ટેડ ટ્રેડિંગ' (ADT) વિશે સમજ આપી વિશ્વાસમાં લીધા હતા.

તેમની વાતોમાં આવીને તેમણે કુલ 1,36,65,720 ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે ડૉક્ટરે પોતાના રોકાણ કરેલા નાણાં અને નફાની રકમ પરત માંગવા માટે દીપક મલ્હોત્રાનો સંપર્ક કર્યો, ત્યારે ગઠિયાએ 'પૈસા ઉપાડવામાં તમારો 43મો નંબર છે' તેવા બહાના બતાવી સમય પસાર કર્યો હતો. છેવટે 3 નવેમ્બરના રોજ દીપકના તમામ મોબાઈલ નંબર બંધ કરી દીધો હતો. જેથી તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે વેબ ડેવલપર પાર્થ જીતેન્દ્રકુમાર હિરપરા (રહે.વ્રજ રત્ન રેસીડેન્સી સરથાણા જકાતનાકા સરથાણા મૂળ જુનાગઢ)ને પકડી પાડ્યો છે. આ કેસમાં અત્યાર સુધી કુલ 4 આરોપી ઝડપાઈ ચૂક્યા છે.

'તારી પત્નીને ગાળો આપશે તો જીવતો નહીં છોડીએ'

પુણાગામમાં પિતા-પુત્ર અને બે કારીગરનો યુવક પર હુમલો

સુરતઃ શહેરના પુણાગામ વિસ્તારમાં પત્નીને ગાળો આપવાના મુદ્દે બોલાચાલી બાદ પિતા-પુત્ર અને તેમના બે સાથીદારે મળીને એક યુવક પર ઢીકમુક્કીનો માર મારતાં ચપ્પુથી ઘા મારી તેને લોહીલુહાણ કરી નાખ્યો હતો..

ઉત્તર પ્રદેશનો વતની અને હાલ પુણાગામ રાજીવ નગર સ્થિત સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતો 32 વર્ષીય મોહસીન જુમઈ રાઈન સિલાઈ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. 9 ફેબ્રુઆરીની રાત્રે મોહસીન પુણાગામ સ્થિત સિદ્ધિવિનાયક સોસાયટીના ગેટ નં. 1 સામે ઊભો હતો. ત્યારે અબુલ ઉર્ફે મીઠું હમીદ શેખ (રહે., ઉત્રાણ), તેનો પુત્ર મહંમદ સિરાજ તેમજ તેમના બે કારીગર અલ્તાફ મન્સૂરી અને અનિલ સોલંકી ત્યાં પહોંચ્યા હતા. ચારેયે ભેગા મળી મોહસીન સાથે ઉગ્ર બોલાચાલી કરી એલફેલ ગાળો આપી ઢીકમુક્કીનો માર માર્યો હતો. ફરિયાદ મુજબ, મારામારી દરમિયાન મહંમદ સિરાજે પોતાની પાસે રહેલું ચપ્પુ જેવું તીક્ષ્ણ હથિયાર કાઢી મોહસીનને બે ઘા માર્યા હતા, જેના કારણે તે લોહીલુહાણ થયો હતો. આરોપીઓએ મોહસીનને ધમકી આપી હતી કે "હવે પછી તું તારી પત્નીને ગાળો આપશે તો જાનથી મારી નાખીશું." મહોસીને પુણા પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે ચારેય આરોપી સામે મારામારી, જીવલેણ હુમલો અને ધમકીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

બીસીજીની ચૂંટણીમાં પણ કોર્ટ સ્થળાંતરનો મુદ્દો ગાજ્યો

ચૂંટણી જંગમાં સૌરાષ્ટ્રીયન, મુસ્લિમ, ઓપન અને એસસી-એસટીના 2-2 , એક સુરતી ઉમેદવાર

સુરતઃગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણી જીતવા માટે સુરતમાંથી ઉમેદવારી નોંધાવનાર વકીલ ઉમેદવારો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. બીસીજીની ચૂંટણીમાં સુરતનાં વકીલ ઉમેદવારો દ્વારા વચનોની લ્હાણી શરૂ કરી દેવાઈ છે. કોર્ટ બિલ્ડીંગના સ્થળાંતરનો મુદ્દો પણ પ્રચારમા ગાજ્યો છે. જાતિ સમીકરણો પર જીતની મંસ્સા રાખીને સામાજીક ગૃપ બેઠકો પણ કરવામાં આવી રહી છે.

બીસીજીમાં સુરતનું પ્રતિનિધિત્વ વધુમાં વધુ આવે એ માટેના પ્રયાસો પણ સુરત જિલ્લા વકીલ મંડળે શરૂ કરી દીધા છે. એકડા મેળવવા વકીલ ઉમેદવારો સુરતમાં તો પ્રચાર કરી જ રહ્યાં છે સાથે સુરતની બહાર અન્ય જિલ્લામા પણ પ્રચાર કરી રહ્યા છે. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીને હવે માત્ર ૨૩ દિવસ બાકી છે.

સુરતમાંથી ૧૧ ઉમેદવારો પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. સામાજીક રીતે, વ્યવસાયીક અને સોશીયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને આ ઉમેદવારો મતદારો સુધી પહોંચી રહ્યાં છે. બીસીજીની ચૂંટણીમાં સુરતનાં વકીલ ઉમેદવારો દ્વારા વચનોની લ્હાણી શરૂ કરી દેવાઈ છે. જાતિ સમીકરણો પર જીતની મંસ્સા પણ સેવાઈ રહી છે. સામાજિક પ્રતિષ્ઠા બની ચુકેલી આ બીસીજી ચુંટણી માં સુરતમાંથી અલગ અલગ સમાજમાંથી ઉમેદવારોએ દાવેદારી કરી છે. જેમાં લઘુમતી સમાજમાંથી ઝકી શેખ અને નસીમ કાદરી, મુળ સુરતી ટર્મિશ કણીયા, સૌરાષ્ટ્રમાંથી હરેશ નાકરાણી અને આશિષ જાગાણી, સવર્ણ સમાજમાંથી વિરાજ સુરવે અને ભાવેશ રબારી, એસસી-એસટી સમાજમાંથી બળવંત સુરતી અને હિતેશ પટેલે દાવેદારી નોંધાવી છે. મહિલા બેઠક માટે પ્રીતિ જીજ્ઞેશ જોષી અને હિરલ કિરીટ પાનવાલાએ દાવેદારી કરી છે.સુરતના ૧૧ વકીલ ઉમેદવારો હોવાથી એકડો મેળવવાની સ્પર્ધા જોરશોરથી ચાલી રહ્યો છે.

તબેલાના કીચડમાં પડી જતાં દોઢ વર્ષના બાળકનું મોત

સુરતઃ છાપરાભાઠામાં તબેલાના કીચડમાં રમતી વખતે પડી જતાં દોઢ વર્ષના બાળકનું મોત નીપજ્યું હતું.

મૂળ દાહોદના વતની શૈલેષભાઈ બસાયા હાલ છાપરાભાઠા ખાતે રાધિકા પોઈન્ટની સામે આવેલા તબેલામાં પરિવાર સાથે રહે છે અને ત્યાં જ મજૂરી કામ કરી ભરણપોષણ કરે છે. ગઈકાલે સાંજે શૈલેષભાઈ અને તેની પત્ની તબેલાનો કચરો ટેમ્પોમાં ભરી વસવાડી ખાતે નાખવા ગયા હતા. દરમિયાન તેમનો સૌથી નાનો પુત્ર દોઢ વર્ષનો નીરજ રમતા-રમતા તે અચાનક તબેલામાં ઉકરડામાં પડી ગયો હતો. તેની શોધખોળ કરતાં તે નીરજ તબેલાના કીચડમાંથી બેભાન હાલતમાં મળી આવતા તેને સ્મીમેરમાં ખસેડાયો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

બેંગકોક-સુરત ફ્લાઈટમાં ફરી 3.75 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત

એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં સીટ નીચે સેફ્ટી જેકેટના ખાંચામાં છુપાવી રાખેલો 3.75 કિલો ગાંજાનાં 7 પેકેટ મળ્યાં

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે ફરી એકવાર મોટી સફળતા મેળવી છે. બેંગકોકથી સુરત આવી રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નં. IX-263માંથી અંદાજે રૂ. 3.75 કરોડની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી 9 ફેબ્રુઆરી 2026ના રોજ કસ્ટમ્સ ઓપરેશન્સ દ્વારા કરવામાં આવી હતી.

કસ્ટમ્સ અધિકારીઓએ સમગ્ર વિમાનની સઘન તપાસ દરમિયાન સીટ નં. 20F, 20E, 20D, 20C, 20B, 20A તથા 15Fની નીચે સેફ્ટી જેકેટ મૂકવા માટે બનાવાયેલા ભાગમાંથી "ભૂરા રંગના સેલો ટેપમાં લપેટાયેલ વેક્યુમ પેક પોલિથીન પાઉચ" મળી આવ્યા હતા. કુલ સાત પેકેટોમાં 3756.57 ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો છુપાવી રાખવામાં આવ્યો હતો. આ બેઠકોની આસપાસ બેઠેલા તમામ મુસાફરોની તપાસ તથા પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ કોઈ પણ મુસાફરે જપ્ત માલની માલિકીનો દાવો કર્યો ન હતો. પરિણામે આ પ્રતિબંધિત પદાર્થને દાવા વગરનો જાહેર કરવામાં આવ્યો.

RFSL અધિકારી દ્વારા કરાયેલા પ્રાથમિક પરીક્ષણમાં જપ્ત પદાર્થ ગાંજો (કેનાબીસ) હોવાનું સકારાત્મક રીતે સાબિત થયું હતું. NDPS એક્ટ, 1985 હેઠળ આ પ્રતિબંધિત નશીલા પદાર્થની જપ્તી કરવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સુરત એરપોર્ટ પર છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ મારફતે નશીલા પદાર્થોની તસ્કરીના પ્રયાસો વધી રહ્યા છે, જેને લઈને કસ્ટમ્સ વિભાગે ચેકિંગ વધુ કડક બનાવી છે.NDPS એક્ટ, 1985 ની જોગવાઈઓ હેઠળ પ્રતિબંધિત વસ્તુ જપ્ત કરવામાં આવી હતી. આ અંગે વધુ તપાસ ચાલુ છે.

પાંચ કરોડના ખર્ચે બનનારી 'સિગ્નલ સ્કૂલ' માટે

ભિક્ષુકોનાં બાળકો માટે સરવે કરાશે

બજેટમાં જોગવાઈ કરાયાના ગણતરીના દિવસોમાં જ શાસકો સમક્ષ દરખાસ્ત મૂકી દેવામાં આવી

સુરતઃ સુરત શહેરને હવે ભિક્ષાવૃત્તિ મુક્ત બનાવવા અને માર્ગો પર ભટકતા બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સિગ્નલ સ્કૂલ' પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. મનપા કમિશનર નાગરાજન દ્વારા વર્ષ 2026-27 ના બજેટમાં આ ખાસ યોજના માટે જોગવાઈ કરવામાં આવી છે, જે અંતર્ગત અંદાજે 5.25 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ 6થી 14 વર્ષના એવા બાળકોને શિક્ષણની મુખ્ય ધારામાં લાવવાનો છે, જેઓ હાલમાં ટ્રાફિક સિગ્નલો કે ખુલ્લા પ્લોટમાં ભિક્ષાવૃત્તિ અથવા અન્ય બિનજરૂરી પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. આ માટે મનપાની અલગ-અલગ ટીમો દ્વારા શહેરના વિવિધ ચાર રસ્તાઓ પર સરવે હાથ ધરી આવા બાળકોની યાદી તૈયાર કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. શૈક્ષણિક કાર્યની સાથે-સાથે બાળકોના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સિગ્નલ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોને દરરોજ પૌષ્ટિક મધ્યાહન ભોજન અને નિયમિત આરોગ્ય તપાસની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. શિક્ષણ સમિતિ દ્વારા બાળકોને તેમના રહેઠાણથી શાળા સુધી લાવવા અને પરત મૂકવાની જવાબદારી પણ સંભાળવામાં આવશે.

સિગ્નલ સ્કૂલો માટે બસમાં હરતી ફરતી શાળા બનાવાશે

આ યોજનાની સૌથી આકર્ષક બાબત એ છે કે મનપાના વર્કશોપ વિભાગની બસોને અત્યાધુનિક 'ચાઈલ્ડ ફ્રેન્ડલી' ડિઝાઈન સાથે ફરતી શાળામાં રૂપાંતરિત કરવામાં આવશે. પ્રત્યેક બસને અંદાજે 40 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાશે, જેમાં છ કોમ્પ્યુટર અને સ્માર્ટ એજ્યુકેશન સુવિધાઓ હશે. સુરક્ષા અને દેખરેખ માટે આ બસોમાં સીસીટીવી કેમેરા અને જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવશે, જેનું સીધું મોનિટરિંગ આઈસીસીસી (ICCC) દ્વારા કરવામાં આવશે. બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ખાસ તાલીમ પામેલા બે શિક્ષકો, હેલ્પર અને નિરીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવશે.

પ્રારંભિક તબક્કે આ બાળકોને બ્રિજ કોર્સ કરાવાશે: બ્રિજ કોર્સ એટલે શું?

બ્રિજ કોર્ષ એટલે શું? જ્યારે કોઈ બાળક લાંબા સમય સુધી શાળાએ ગયું ન હોય અથવા અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો હોય, ત્યારે તે પોતાના ઉંમરના અન્ય બાળકોની સરખામણીએ ભણતરમાં પાછળ રહી જાય છે. આવા બાળકોને સીધા જ જે-તે ધોરણમાં બેસાડવાને બદલે, તેમને તૈયાર કરવા માટે જે ટૂંકા ગાળાનો ખાસ કોર્સ કરાવવામાં આવે છે તેને 'બ્રિજ કોર્સ' કહેવાય છે. તેમનું મૂલ્યાંકન નજીકની કાયમી શાળાઓમાં પ્રવેશ અપાવી શિક્ષણમાં જળવાઈ રહે.

જમીન દલાલની 20 લાખની મર્સિડીઝ પચાવી પાડી

કાર ખરીદવા આપેલો ચેક રિટર્ન થયો, બે સામે ગુનો નોંધાયો

સુરતઃ સાબરકાંઠાના એક જમીન દલાલ સાથે મર્સીડીઝ કાર ખરીદવાના બહાને રૂ. 20 લાખની છેતરપીંડી કરાઈ હોવાનો મામલો મહિધરપુરા પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે જલારામ મંદિર પાસે રાજશિવ સોસાયટીમાં રહેતા 41 વર્ષીય નરેન્દ્રસિંહ હિતેન્દ્રસિંહ ભાટી જમીન દલાલીનો વ્યવસાય કરે છે. તેમની માલિકીની મર્સીડીઝ કાર વેચાણ માટે મુકાઈ હતી. આ દરમિયાન અરવિંદ રમણ પ્રજાપતિ (રહે., પ્રજાપતિવાસ, અંજાણા ગામ, તલોદ, સાબરકાંઠા) અને મિલાપ વિનુ પટેલ (રહે., રડોદરા ગામ, બાયડ, અરવલ્લી)એ કાર ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આરોપીઓએ 26 જૂનના રોજ નરેન્દ્રસિંહને સુરતના મહિધરપુરા વિસ્તારમાં દિલ્હીગેટ ચાર રસ્તા નજીક મળવા બોલાવ્યા હતા. કાર ખરીદવા ચાર અલગ-અલગ ચેક આપ્યા હતા. ચેક મળતા નરેન્દ્રસિંહે કાર તેમના હવાલે કરી હતી. પરંતુ બાદમાં નક્કી કરાયેલા સમયમર્યાદામાં ચેકની રકમ જમા ન થતાં અને કાર પણ પરત ન આપતા નરેન્દ્રસિંહને શંકા ઊભી થઈ હતી. તપાસ કરતાં છેતરપિંડી થયાનું સ્પષ્ટ થતાં મહિધરપુરા પોલીસમથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે બંને આરોપીઓ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. કાર હાલ ક્યાં છે અને ચેક બાઉન્સ થયા છે કે નહીં તેની દિશામાં તપાસ ચાલી રહી છે.

કપડાં પર લગાડેલા મોબાઈલ નંબરથી મૃતક ઓળખાયા

સુરતઃ સાયણ રોડના ખેતરમાંથી પાલનપુરના વૃદ્ધનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પાલનપુર વિસ્તારમાં આવેલ દીપાંજલિ સોસાયટીમાં 77 વર્ષીય હરિલાલ દેવજીભાઈ પટેલ, ભત્રીજા સાથે રહેતા હતા. હરિલાલ અસ્થિર મગજના હતા. તેઓ અવારનવાર ઘરેથી કોઈને પણ કહ્યા વગર ચાલ્યા જતા હતા. દરમિયાન ગત 6 તારીખના રોજ પણ હરિલાલ ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા હતા. મંગળવારે રાત્રે સાયણ હજીરા રોડ પર આવેલ ખેતરમાંથી હરિલાલનું કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. હરિલાલના ભત્રીજા ચેતન પટેલ તેમના દરેક કપડાં પર તેમના નામ અને મોબાઈલ નંબરના લેબલ લગાવી દીધા હતા. દરમિયાન તેમનો મૃતદેહ મળતા પોલીસે હરિલાલની તપાસ કરતાં તે લેબલના આધારે પરિવાર સુધી પહોંચી હતી.